# રૂડું તે ગામ વીરપુરનુ

રૂડું તે ગામ વીરપુરનું રે, એમાં વસે જલારામ... (૨)
જગથી ઊંચેરી એની ઝૂંપડી

જલારામ લાગું તમને પાય..(૨) રડું તે ગામ વીરપુરનું
ઉજળા તે વસ્ત્રો પહેર્યા રે, માથે પાઘડી સોહાય...(૨)
હાથે માળા અને લાકડી
હાં રે જલા રામના અવતાર..(૨)... રૂડું તે ગામ

અંધાને આપે આંખડી રે, આપે પાંગળાને પગ... (૨)
ભુખ્યા-દુ:ખીયાનો જલો આશરો
હાં રે એના દિલ દરિયાવ... (૨) ... રૂડું તે ગામ

અમૃતબુટ્ટી જલાની જીભમાં રે..(૨)
બોલ્યે મડદા બેઠાં થાય.... (૨)
પરચા પુર્યા રે ગામો ગામમાં
હાં રે જલા ઓલીયાના અવતાર...(૨) રૂડું તે ગામ

ભકતો આવે છે દેશ-દેશથી રે તારા દર્શનને કાજ..,(૨)
ધુન મચાવે તારા નામની
હાં રે.. દર્શન દેજો જલારામ...(૨) રૂડું તે ગામ

છેલી અમારી વિનંતી રે... લેજો ફરી અવતાર...(૨)
સંત વીનાં મલે નહીં રે... સેવા ભકિનો સાર...(૨)
રૂડું તે ગામ વીરપુરનું
રૂડું તે ગામ વીરપુરનું રે, એમાં વસે જલારામ...(૨)
જગથી ઊંચેરી એની ઝૂંપડી